| | | |
|---|---|---|
| પત્રિકા<br>૧૯૮ | **ચિરાગે હિદાયત** | ૧૭/૦૨/૧૯<br>૧૧ જ.સાની |

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૩ જ.સાની/૧૯ ફેબ્રુઆરી : વફાતે જનાબે ઉમ્મુલ બનીન(સ.અ.)

# જનાબે ઉમ્મુલ બનીન(સ.અ.)ની સિરત

આપ(સ.અ.)નું નામ ફાતેમા અને કુન્નીયત ઉમ્મુલ બનીન એટલે કે ફરઝંદોની માં હતી. આપ(સ.અ.)ના માં-બાપ બની કલાબ ખાનદાનથી સંબંધ ધરાવતા હતા કે જેઓ પયગંબર(સ.અ.વ.)ના બાપ-દાદા હતા. આપ(સ.અ.)ના વાલિદનું નામ 'હેઝામ' અને વાલેદાનું નામ 'સમામા' હતું. આપ(સ.અ.)ના શૌહર હઝરત અલી ઈબ્ને અબી તાલિબ(અ.સ.) અને તેમની ચાર ઔલાદ હઝરત અબ્બાસ(અ.સ.), જનાબે અબ્દુલ્લાહ, જનાબે જાફર અને જનાબે ઉસ્માન છે. આ ચારેય ફરઝંદ કરબલામાં ઈમામ હુસૈન(અ.સ.) સાથે શહીદ થયા. જનાબે ઉમ્મુલ બનીન(સ.અ.)ની કબ્ર મુબારક મદીનાએ મુનવ્વરાના બકીના કબ્રસ્તાનમાં છે.

જનાબે ઉમ્મુલ બનીન(સ.અ.) એક પાકદામન અને બાતકવા ખાતુન હતા તેમના અખ્લાકી ફઝાએલ, ઈન્સાની કમાલાત, ઈમાની તાકત, સાબિતકદમી, સબ્ર, બશીરત અને કુદરતે બયાને તેમને ખ્વાતિનોના સરદાર બનાવી દીધા હતા.

## * જનાબે હિઝામનું સ્વપ્નઃ

જનાબે હિઝામ પોતાના કબીલાવાળાઓ સાથે સફર ઉપર હતા. એક રાત્રે તેઓ સૂતા તો આપે સ્વપ્નમાં જોયું કે તેઓ પોતાના કબીલાવાળાઓથી દૂર એક હરીભરી જગ્યા પર બેઠા હોય છે ત્યારે આસમાનમાંથી પાણીનું એક ટીપું આપના હાથમાં આવ્યું અને તેમના હાથમાં આવતાની સાથે તે એક ખુબસુરત મોતી બની ગયું. આપ તે મોતીને જોઈને આશ્ચર્યચકિત થાય છે. ત્યારે આપે જોયું એક ઘોડેસવાર આપની પાસે આવે છે અને તેમને સલામ કરે છે. જનાબે હિઝામ સલામનો જવાબ આપે છે. ત્યારપછી ઘોડેસવાર આપને કહે છે કે ''આ મોટી કેટલામાં વેચશો?'' આપે કહ્યું કે ''આ મોતીની કિંમત તો મને ખબર નથી પણ તમે જણાવો કે તમે આને કેટલામાં ખરીદશો?'' આવનાર ઘોડેસવાર જવાબ આપે છે કે ''આની કિંમત તો મને પણ નથી ખબર. પરંતુ એટલું જાણું છું કે આને તમે દિરહમ કે દિનારના બદલે નહિં વહેંચતા.'' પછી જનાબે હિઝામની આંખ ખૂલી ગઈ. આ સ્વપ્ન આપે આપના દોસ્તોને જણાવ્યું અને આ સ્વપ્નની તાબીર જાણવા ચાહી. તો તેમાંથી એકે જવાબ આપ્યો કે ''અગર તમારૂં સ્વપ્ન સાચું છે તો જલ્દી જ અલ્લાહ તમને એક દુખ્તર

અતા કરશે. જેના રિશ્તાની માટે એક અઝીમ શખ્સીયત આવશે અને તે વડે તમને એવો અઝીમ દરજજો અતા કરવામાં આવશે કે જે દરેકને નસીબ નથી થતો.

જ્યારે જનાબે હિઝામ સફર પરથી આવ્યા તો તેમના પત્ની 'સમામા ઈબ્ને સોહૈલ' હામેલા હતા અને જેવા જ આપ ઘરમાં દાખલ થયા કે તેમની નેક દુખ્તરની વિલાદત થઈ અને આ વિલાદતની ખબર તેમને આપવામાં આવે તો આપ ખુબજ ખુશ થયા. ખુશીની હાલતમાં આપે કહ્યું કે ''મેં જે સ્વપ્ન જોયું હતું તે સાચું હતું.'' આપે તેમનું નામ 'ફાતેમા' રાખ્યું અને તેમની કુન્નીયત 'ઉમ્મુલ બનીન' રાખી.

રિવાયત મુજબ હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)એ પોતાના ભાઈ જનાબે અકીલને કહ્યું કે ''મારી શાદી એવા બહાદુર ખાનદાનમાં કરાવો કે જેનાથી બહાદુર ફરઝંદ પેદા થાય જે કરબલામાં મારા હુસૈનને કામ આવે.''

જનાબે અકીલે કહ્યું કે ''તમે ઉમ્મુલ બનીને કલાબીયાથી શાદી કરી લ્યો કેમકે તેઓનું ખાનદાન અરબમાં સૌથી બહાદુર ખાનદાન છે.'' જનાબે અકીલ આ રિશ્તો લઈને જનાબે હિઝામના ઘરે ગયા હતા અને આ રિશ્તો મૌલાએ કાએનાત(અ.સ.)થી નક્કી થયો. પછી ઉમ્મુલ બનીન જ્યારે મૌલાએ કાએનાતના ઘરમાં

આવ્યા તો આપ(સ.અ.)એ કહ્યું ‘‘અય ઈમામે હસન વ હુસૈન વ ઝયનબ! હું તમારા ઘરમાં તમારી માં બનીને નહી બલ્કે તમારી કનીઝ બનીને આવી છું.’’ આ તેમની માઅરેફત અને તેમનું ઈમાન હતું કે આપ(સ.અ.)ના ચારેય ફરઝંદ કરબલામાં શહીદ થયા.

જનાબે ઉમ્મુલ બનીન(સ.અ.)ની વફાત જનાબે ઝયનબ(સ.અ.)ની શહાદત પછી થઈ.

અસ્સલામો અલયકી યા ઝવ્ઝત વલીયીલ્લાહ, અસ્સલામો અલયકી યા ઝવ્ઝત અમીરિલ મોઅમેનીન, અસ્સલામો અલયકી યા ઉમ્મુલ બનીન, અસ્સલામો અલયકી યા ઉમ્મુલ અબ્બાસ ઈબ્ને અમીરિલ મોઅમેનીન વ જઅલ મન્ઝલકી વ માવાકીલ જન્નહ

‘‘સલામ થાય આપ પર અય અલ્લાહના વલીના પત્ની, સલામ થાય આપ પર અય હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના પત્ની, સલામ થાય આપ પર અય ફરઝંદોની માં, સલામ થાય આપ પર અય હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના ફરઝંદ હઝરત અબ્બાસ(અ.સ.)ની માં અને આપનો રૂત્બો ખુબજ બુલંદ છે અને આપનું સ્થાન જન્નત છે.’’

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com